# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## પ્રશ્નપત્ર

## ભરતી જાહેરાત ક્રમાંક : ૦૪/૨૦૨૩

## જગ્યાનું નામ : કલાર્ક (Clerk)

તારીખ : ૧૨/૧૨/૨૦૨૩

સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે

સ્થળ : શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ, રાજેન્દ્ર ભૂવન રોડ, વેરાવળ

પ્રશ્નપત્ર સિરિઝ : **D** ઉમેદવારના સીટ નંબર : [redacted]

અગત્યની સૂચનાઓ :

૦૧) કુલ ૦૧ થી ૧૦૦ પ્રશ્નો આપવામાં આવેલ છે, દરેક પ્રશ્નનો ૦૧ ગુણ રહેશે. આન્સર શીટમાં ઉત્તર લખતી વખતે બ્લૂ અથવા કાળી પેનનો ઉપયોગ કરવાનો રહેશે, ઇન્ક પેનનો ઉપયોગ કરવો નહી.

૦૨) એક પ્રશ્ન માટે એક કરતા વધુ જવાબો લખેલ હશે, છેકછાક કરેલ હશે અથવા સ્પષ્ટ વંચાય તે સ્વરૂપમાં જવાબ લખેલ હશે નહી, તેવા પ્રશ્નોના જવાબ માન્ય રહેશે નહી અને તેના ગુણ આપવામાં આવશે નહી.

૦૩) મૂલ્યાંકનમાં નેગેટીવ માર્કિંગ પદ્ધતિ નથી. દરેક પ્રશ્નના ચાર વિકલ્પો આપવામાં આવ્યા છે. તેમાંથી આપે કોઇ એક સાચો વિકલ્પ પસંદ કરી આપને આપવામાં આવેલ આન્સર શીટ-ઉત્તરવહીમાં જે-તે પ્રશ્નની સામે તેનો ઉત્તર લખવાનો રહેશે.

૦૪) એક બેલ પરીક્ષા શરૂ થવાની ૧૦ મિનિટ પહેલા વાગશે, ત્યારબાદ પરીક્ષા શરૂ થવાના સમયે બે બેલ વાગશે અને છેલ્લે પરીક્ષા પૂર્ણ થવાની ૧૦ મિનિટ પહેલા એક બેલ વાગશે અને ત્યારબાદ પરીક્ષા પૂર્ણ થવાના સમયે લાંબો બેલ વાગશે.

૦૫) રફ-કામ પ્રશ્નપત્રના પાછળના ભાગે કરવું, અને પ્રશ્નપત્રમાં કોઇપણ ભાગ પર નામ, વિકલ્પો સામે કે કોઇ અન્ય કોઇ પણ પ્રકારની ઓળખ ઉભી થાય તેવી નિશાની કરવી નહી, જો કરવામાં આવશે તો ગેરલાયક ઠરશે.

૦૬) પરીક્ષા શરૂ થવાનો બેલ પડે ત્યારે સીલનું સ્ટીકર ખોલી પ્રશ્નપત્રના તમામ પેજ બરાબર પ્રિન્ટ થયેલ છે કે નહી તે તપાસી લેવાનું રહેશે, અને ત્યારબાદ જવાબો લખવાની શરૂઆત કરવી.

૦૭) ઉમેદવારે વર્ગખંડમાં પરીક્ષા દરમ્યાન કોઇપણ પ્રકારનું પુસ્તક, અન્ય સાહિત્ય, લખાણ કે નોંધવાળી કાપલી, ઇલેક્ટ્રીક ગેઝેટ (દા.ત. મોબાઇલ, સ્માર્ટ વોચ, કેલ્ક્યુલેટર વિગેરે) પોતાની સાથે રાખવા નહી, અન્યથા આપોઆપ ગેરલાયક ઠરશે.

૦૮) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર અન્ય ઉમેદવાર સાથે કોઇપણ પ્રકારની વાતચીત, સંદેશાની આપ-લે કે વસ્તુની આપ-લે કરી શકશે નહી અને જો તેમ કરશે તો તેને ગેરલાયક ઠેરવવામાં આવશે.

૦૯) પરીક્ષા પૂર્ણ થયા બાદ ખંડ સુપરવાઇઝર આન્સર શીટ પોતાની પાસે મેળવી અને ખરાઇ ન કરી લે ત્યાં સુધી ઉમેદવાર વર્ગખંડ છોડી શકશે નહી.

૧૦) વર્ગખંડમાં ઉમેદવારે ખંડ સુપરવાઇઝર દ્વારા આપવામાં આવતી સૂચનાનું પાલન કરવાનું રહેશે અને ખંડ સુપરવાઇઝર સામે કોઇપણ પ્રકારની દલીલ કરવી નહી. કોઇપણ પ્રકારની મુંઝવણ હોઇ તો સૌપ્રથમ ખંડ સુપરવાઇઝરને જણાવશો. સુપરવાઇઝર સાથે બિનજરૂરી તકરાર અશિસ્ત ગણાશે અને કોઇ તકરાર કરશે તો તેને ઉમેદવાર તરીકે અમાન્ય ઠેરવવામાં આવશે.

નોંધ – પ્રશ્ન 1 થી 100 આપવામાં આવેલ છે. તેમાં પ્રત્યેક પ્રશ્નનો એક ગુણ છે. કુલ ગુણ-100

1. બંને હાથ ન હોવા છતાં એશિયન પેરા ગેમ્સમાં તીરંદાજીમાં 2 ગોલ્ડ મેળવનાર ભારતીય મહિલા કોણ છે ?
   (A) શીતલ દેવી
   (B) પરનીતા કૌર
   (C) અદિતિ સ્વામી
   (D) સુરેખા વૈજ્ઞમ્

2. એશિયન ગેમ્સ, 2022 તાજેતરમાં પૂર્ણ થઈ તેમાં ભારતે શુટીંગમાં કેટલા ગોલ્ડ મેડલ જીત્યા છે ?
   (A) 6 (B) 7 (C) 8 (D) 9

3. એશિયન ગેમ્સનું સમાપન સમારોહ 8, ઓક્ટોબર, 2023 ના રોજ યોજાયો હતો તેમાં ભારતનો કયો ખેલાડી ધ્વજવાહક રહ્યો હતો ?
   (A) કિરણ બલિયા
   (B) પી. આર. શ્રીજેશ
   (C) જગ્ગી શિવદાસાણી
   (D) નીરજ ચોપરા

4. પ્રો. કબડ્ડી લીગની 10મી સીઝનનો પ્રારંભ અમદાવાદમાં કઈ તારીખે થયો?
   (A) 1, ડીસેમ્બરે
   (B) 2, ડીસેમ્બરે
   (C) 3, ડીસેમ્બરે
   (D) 4, ડીસેમ્બરે

5. ડિસેમ્બર-2023 માં સાઉથ આફ્રિકા જઈ રહેલ ભારતીય ક્રિકેટ ટીમમાં વન-ડે ટીમનું સુકાન (કેપ્ટન) કોને સોંપવામાં આવ્યું છે ?
   (A) રોહિત શર્મા
   (B) કે. એલ. રાહુલ
   (C) સૂર્યકુમાર યાદવ
   (D) રવિન્દ્ર જાડેજા

6. નીચેનામાંથી કઈ ટ્રોફી હોકીની રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ માટે આપવામાં આવે છે ?
   (A) ઈરાની ટ્રોફી
   (B) સંતોષ ટ્રોફી
   (C) રંગાસ્વામી ટ્રોફી
   (D) જયલક્ષ્મી ટ્રોફી

7. પ્રસિધ્ધ ફુટબોલર ક્રિસ્ટીઆનો રોનાલ્ડો કયા દેશ સાથે સંકળાયેલા છે ?
   (A) બ્રાઝીલ
   (B) અર્જેન્ટિના
   (C) સ્પેન
   (D) પોર્ટુગલ

8. વર્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ચાર મેડલ જીતનાર પ્રથમ ભારતીય કોણ છે ?
   (A) વિનેશ ફોગાટ
   (B) બબીતા કુમારી
   (C) બજરંગ પુનિયા
   (D) ભારતી ગોસાઈ

9. એશિયન ગેમ્સમાં ભારતીય પુરૂષ કબડ્ડી ટીમે કયા દેશ સામે ફાઈનલ જીતી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો ?

(A) ચીન

(B) ઈરાન

(C) ઈરાક

(D) પાકીસ્તાન

10. નરેન્દ્ર મોદી સ્ટેડીયમ, અમદાવાદનું સંચાલન નીચેનામાંથી કોણ કરે છે ?

(A) ગુજરાત ક્રિકેટ એસોસિએશન

(B) ભારત ક્રિકેટ એસોસિએશન

(C) ગુજરાત સરકાર

(D) ભારત સરકાર

11. વાયુસેના દિવસના અવસરે આયોજિત પરેડની કમાન સંભાળનાર પ્રથમ મહિલા અધિકારી કોણ હતા ?

(A) શાલિઝા ધામી

(B) પરતૌન સિંધ

(C) કેપ્ટન શાંકુલ

(D) સુચાન કૌલ

12. તામીલના કયા લેખિકાને 2022 થી તેમના જીવનચરિત્ર 'સૂર્ય વાસમય' માટે સરસ્વતી સન્માનથી સમાન્મિત કરવામાં આવ્યા છે ?

(A) શિવશંકરી

(B) શક્તિ જોષી

(C) બી. પરમેશ્વરી

(D) સલ્મા

13. ISO 9001 પ્રમાણપત્ર મેળવનાર ભારતનું પ્રથમ મહિલા પોલીસ સ્ટેશન કયા શહેરમાં આવેલ છે ?

(A) જયપુર

(B) ભોપાલ

(C) બેંગ્લોર

(D) બનારસ

14. અનસુયાબેન સારાભાઈનું કયા ક્ષેત્રમાં વિશેષ પ્રદાન રહેલ છે ?

(A) આરોગ્ય

(B) મહિલા વિકાસ

(C) શ્રમ અને સંગઠન

(D) શિક્ષણ

15. ગુજરાતના કયા મહિલા સ્વતંત્ર સેનાની એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાના કુલપતિ હતા ?

(A) ડૉ. તેજસ્વીબેન પંડ્યા

(B) ડૉ. કાશ્મિરાબેન ઈમાનદાર

(C) ડૉ. વર્ષાબેન મહેતા

(D) ડૉ. હંસાબેન મહેતા

16. પ્રસિધ્ધ ગુજરાતી નવલકથા 'સાત પગલાં આકાશમાં' ના લેખિકા કોણ છે ?

(A) કાજલ ઓઝા

(B) પ્રીતિસેન ગુપ્તા

(C) કુન્દનિકા કાપડિયા

(D) ભારતી શેલત

17. સાનિયા નહેવાલ કઈ રમતની ખેલાડી છે ?

(A) લોન ટેનીસ

(B) બેડમિન્ટન

(C) તીરંદાજી

(D) મુક્કાબાજી

18. ભૌતિક વિજ્ઞાનમાં નોબલ ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય મહિલા કોણ છે ?

(A) આસિમા ચેટરજી
(B) અમૃતા શેરગીલ
(C) કલ્પના ચાવલા
(D) ટેસિ થોમસ

19. ભારતીય શાસ્ત્રીય અને સીને જગતમાં 'સ્વર કોકિલા' તરીકે જાણીતા લોકપ્રિય ગાયિકા કોણ છે ?

(A) કિશોરી અમનકાર
(B) શુભા મુદગલ
(C) લતા મંગેશકર
(D) વાણી જયરામ

20. ગુજરાત ટેક્નોજીકલ યુનિવર્સિટીના વર્તમાન કુલપતિ કોણ છે ?

(A) ડૉ. અમીબેન ઉપાધ્યાય
(B) ડૉ. રાજુલ ગજ્જર
(C) ડૉ. નિલાબંરીબેન દવે
(D) ડૉ. નિરજા ગુપ્તા

21. બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ગુજરાતમાં ક્યાં આવેલી છે ?

(A) બારડોલી
(B) રાજપીપળા
(C) છોટા ઉદેપુર
(D) નેત્રંગ

22. હાલ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ કોણ છે ?

(A) પ્રો. ભરત જોશી
(B) પ્રો. રાજેન્દ્ર ખિમાણી
(C) પ્રો. રામલાલ પરીખ
(D) પ્રો. અનામિક શાહ

23. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા NAAC માં કયો ગ્રેડ પ્રાપ્ત કર્યો છે ?

(A) A (B) A+ (C) A++ (D) B+

24. દૂરવર્તી શિક્ષણમાં ડીગ્રી કોર્ષ શરૂ કરવા માટે વર્તમાનમાં યુ.જી.સી.ની કઈ ઓથોરિટીની મંજૂરી જરૂરી છે ?

(A) ડીસ્ટન્સ એજ્યુકેશન બ્યુરો (DEB)
(B) ડીસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સીલ (DEC)
(C) યુ.જી.સી. ની તમામ (UGC)
(D) નેશનલ કાઉન્સિલ ઓફ ટેક્નીકલ એજ્યુકેશન (NCTE)

25. યુનિવર્સટીની ડીગ્રીની માન્યતા માટે UGC ની કઈ માન્યતા યુનિવર્સિટીએ મેળવવી અનિવાર્ય છે ?

(A) NAAC (B) 2 (F) (C) 12 (B) (D) ત્રણમાંથી એકેય નહીં

26. ગુજરાત રાજ્યના પૂર્વ શિક્ષણમંત્રી અને હાલ એક રાજ્યના રાજ્યપાલનું નામ જણાવો ?

(A) વજુભાઈ વાળા
(B) મંગુભાઈ પટેલ
(C) આનંદીબેન પટેલ
(D) જીતુભાઈ વાઘાણી

27. ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ મંત્રી (રાજ્યકક્ષા) નું નામ જણાવો.

(A) ડૉ. કુબેરભાઈ ડિંડોર
(B) શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા
(C) શ્રી ઋષિકેશભાઈ પટેલ
(D) શ્રી હર્ષભાઈ સંઘવી

28. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી હાલ કયો અભ્યાસ ઓફર કરતી નથી?

(A) B.A.
(B) M.A.
(C) M.Phil
(D) Ph.D.

29. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વર્તમાન કુલપતિનું નામ જણાવો ?

(A) પ્રો. લલિતકુમાર પટેલ
(B) પ્રો. સુકાન્તકુમાર સેનાપતિ
(C) પ્રો. પંકજ જાની
(D) પ્રો. ગોપબંધુ મિશ્રા

30. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર શું છે ?

(A) સમગ્ર ગુજરાત
(B) સૌરાષ્ટ્ર પ્રાંત
(C) સમગ્ર ભારત
(D) ઉપરોક્ત ત્રણેય

31. સંયુક્ત રાષ્ટ્ર વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) દ્વારા ગુજરાતના કયા ગામને વર્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજનો 2023 નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો ?

(A) વડનગર
(B) ધોરડો
(C) સ્ટેચ્યુ ઓફ યુનિટી
(D) મોઢેરા

32. "વિશ્વ હૃદય દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 29, સપ્ટેમ્બરે
(B) 21, સપ્ટેમ્બરે
(C) 25, સપ્ટેમ્બરે
(D) 27, સપ્ટેમ્બરે

33. રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) એ કેન્દ્રીય ક્ષેત્ર યોજના છે, તેની શરૂઆત ક્યારે થઈ હતી ?

(A) 1968
(B) 1970
(C) 1971
(D) 1969

34. ભારતીય વાયુસેનાના નવા ધ્વજમાં ચારે બાજુ વાયુ સેનાનું આદર્શ સૂત્ર 'નભઃ સ્પૃશં દીપ્તમ્' અંકિત કરાયું છે. તે ભાગવતગીતાના કયા અધ્યાયમાંથી લેવામાં આવેલ છે ?

(A) 9
(B) 11
(C) 13
(D) 15

35. ભારતના કયા શહેરમાં પ્રથમ સોલરરૂફ સાયકલિંગ ટ્રેકનો પ્રારંભ થયો ?

(A) બેંગલોર
(B) હૈદરાબાદ
(C) દિલ્હી
(D) મુંબઈ

36. અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા જાહેર વિશ્વના ટોચના વૈજ્ઞાનિકોની યાદીમાં ગાંધીનગર સ્થિત જાણીતા કયા સંશોધકનો સમાવેશ કરાયો છે ?

(A) પ્રો. દિલિપ માવલંકર
(B) ડૉ. સુનિલ ઓઝા
(C) પ્રો. સંદિપ વાઘેલા
(D) ડૉ. રજનીકાંત મશરૂ

37. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખેલા ગરબા ગીતને કઈ ગાયિકાએ ગાયું છે ?

(A) ધ્વનિ ભાનુશાલીએ
(B) ફરીદા મીરે
(C) કીંજલ દવેએ
(D) ગીતા રબારીએ

38. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનો 2021-22 નો લોકકલા ક્ષેત્રમાં કયા કલાકારોને ગૌરવ પુરસ્કાર આપવાની ઘોષણા થઈ છે ?

(A) ગીતાબેન રબારી – જિજ્ઞેશ કવિરાજ
(B) માયાભાઈ આહીર – કિર્તિદાન ગઢવી
(C) સ્વ. લક્ષ્મણ બારોટ – નુર મહમંદ સોઢા
(D) ગમન સાંથલ – રસિક બારોટ

39. ગુજરાતમાં સૌ પ્રથમ રાષ્ટ્રપતિ શાસન ક્યારે લદાયું હતું ?

(A) 1971
(B) 1973
(C) 1974
(D) 1972

40. ગુજરાતમાં વસ્તીની દ્રષ્ટિએ સૌથી વધુ ગ્રામીણ સાક્ષરતા ધરાવતો જિલ્લો કયો છે ?

(A) વડોદરા
(B) આણંદ
(C) ભાવનગર
(D) મહેસાણા

41. "વિદ્યા સાગર સેતુ" કયા શહેરમાં આવેલ છે ?

(A) કલકત્તા
(B) કાશી
(C) મુંબઈ
(D) ચેન્નાઈ

42. RBI ના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?

(A) શક્તિકાંત દાસ
(B) મુનીષ કપુર
(C) ટી. રવિશંકર
(D) માઈકલ થાપા

43. નામના અર્થમાં વધારો કરે તેને શું કહેવામાં આવે છે ?

(A) નામ
(B) નામયોગી
(C) વિશેષણ
(D) સમાસ

44. "ફાર્બસવિરહ" ના કવિનું નામ શું છે ?

(A) ફાર્બસ
(B) નર્મદ
(C) દલપતરામ
(D) મણિલાલ નભુભાઈ

45. નીરિક્ષક – શબ્દની સાચી જોડણી જણાવો.

(A) નિરિક્ષક (B) નીરિક્ષક
(C) નીરીક્ષક (D) નિરીક્ષક

46. "પર્યટન" શબ્દની સંધિ જણાવો.

(A) પરિ+ટન (B) પર્+અટન
(C) પરિ+અટન (D) પર્ય+ટન

47. યમનસભલગા – કયા છંદનું બંધારણ છે ?

(A) મંદાક્રાંતા (B) શિખરિણી
(C) પૃથ્વી (D) હરિણી

48. નીચેનામાંથી ભાવવાચક સંજ્ઞા કઈ છે ?

(A) ભાષા (B) લાગણી
(C) સુંદર (D) દેખાવ

49. ગુજરાતી ભાષાનો "અનુપ્રાસ કોશ" આપનાર કોશકાર જણાવો.

(A) નરસિંહરાવ દિવેટીયા (B) કે. કા. શાસ્ત્રી
(C) કે. બી. વ્યાસ (D) પ્રબોધ પંડીત

50. "રણજિતરામ સુવર્ણચંદ્રક" થી સાહિત્યકારને સન્માનિત કરનાર સંસ્થા જણાવો.

(A) ગૂજરાત વિદ્યાપીઠ (B) ગુજરાત વિદ્યાસભા
(C) ગુજરાત સાહિત્ય અકાદમી (D) ગુજરાતી સાહિત્ય સભા

51. "મેં એક બિલાડી પાળી છે" – બાલકાવ્યના કવિ જણાવો.

(A) ન્હાનાલાલ (B) દલપતરામ
(C) નાનાભાઈ ભટ્ટ (D) ત્રિભુવન વ્યાસ

52. 'ટ, ઠ, ડ, ઢ' – કેવા પ્રકારના ધ્વનિ છે ?

(A) કંઠ્ય (B) તાલવ્ય
(C) દંત્ય (D) મૂર્ધન્ય

53. she fell down while she ________ a selfie.

(A) was taking (B) takes
(C) is taking (D) took

54. Complete your work ___________ you leave the office.

(A) on (B) does
(C) though (D) before

55. If you intend to learn English properly, you ________ work hard.

(A) must
(B) may
(C) should
(D) shall

56. ________ Ganga is a holy river.

(A) A
(B) An
(C) The
(D) None

57. My grandmother ________ me a story just now.

(A) tells
(B) has told
(C) is telling
(D) told

58. Give plural form of index.

(A) indexese
(B) indexis
(C) indes
(D) indices

59. ________ you ________ a car ? ?

(A) Does, drive
(B) Do, drives
(C) Do, drive
(D) Does, drives

60. The Scientists ________ research since 1986.

(A) have been done
(B) has been done
(C) has been doing
(D) have been doing

61. Give the verb form of 'accession'.

(A) accesse
(B) acceede
(C) accede
(D) accide

62. Find out of correct spelling.

(A) perseverence
(B) perseverance
(C) parseverence
(D) perseveranse

63. સૌથી નાનું મેમરી કદ પસંદ કરો.

(A) ટેરા બાઈટ
(B) ગીગા બાઈટ
(C) કિલો બાઈટ
(D) મેગા બાઈટ

64. સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ (CPU) સમાવે છે.

(A) ઈનપુટ, આઉટપુટ અને પ્રોસેસિંગ
(B) નિયંત્રણ એકમ, પ્રાથમિક સંગ્રહ અને ગૌણ સંગ્રહ
(C) નિયંત્રણ એકમ, અંકગણિત – તર્ક એકમ અને પ્રાથમિક સંગ્રહ
(D) નિયંત્રણ એકમ, પ્રક્રિયા, પ્રાથમિક સંગ્રહ

65. USB શું છે ?

(A) અલ્ટીમેટ સર્વિસ બીટ
(B) યુનિવર્સલ સેન્ટ બીટ
(C) યુનિવર્સલ સીરીયલ બસ
(D) યુનિવર્સલ મોકલેલ બીટ

66. નીચેના વિકલ્પોમાંથી એક કયું મોબાઈલ ઓપરેટીંગ સિસ્ટમ નથી ?

(A) Android
(B) iOS
(C) Windows
(D) Linux

67. નીચેનામાંથી કયુ યુટિલીટી સોફ્ટવેર નથી ?

(A) ડિસ્ક બ્રેકર
(B) ડિસ્ક ફોરમેટર
(C) ડિસ્ક ક્લીનર
(D) ડિસ્ક કોમ્પ્રેસર

68. નીચેનામાંથી કયુ ટેક્ષ્ટ એડિટર નથી ?

(A) નોટપેડ
(B) વર્ડપેડ
(C) એમ.એસ.વર્ડ
(D) પારવપોઈન્ટ

69. કિ-બોર્ડ ..................... સાધન છે.

(A) આઉટપુટ
(B) ઈનપુટ
(C) આઉટપુટ / ઈનપુટ
(D) ત્રણેયમાંથી એકેય નહીં

70. vyas@yahoo.com માં vyas શું દર્શાવે છે ?

(A) યુઝરનેમ
(B) હોસ્ટનેમ
(C) સર્વિસ પ્રોવાઈડર
(D) ત્રણેયમાંથી એકેય નહીં

71. વિન્ડોઝમાં ડીલીટ કરેલ ફાઈલો કયાં દેખાય છે ?

(A) ટ્રેશ
(B) રિસાયકલ બિન
(C) ડીલીટ બટન
(D) ત્રણેયમાંથી એકેય નહીં

72. VGA નું પુરૂં નામ શું છે ?

(A) વિડિયો ગ્રાફિક્સ એરે
(B) વિડિયો ગ્રાફિક્સ એરેના
(C) વિડિયો ગાર્બેજ એરિયા
(D) ત્રણેયમાંથી એકેય નહીં

73. લશ્કરી ખર્ચ પેટે ફંડ માંગનાર લોર્ડ કર્ઝનના આદેશને માનવાનો ઈન્કાર કોણે કર્યો હતો ?

(A) સયાજીરાવ ગાયકવાડ
(B) ફતેહરાવ ગાયકવાડ
(C) કૃષ્ણકુમાર સિંહજી
(D) ભગવતસિંહજી

74. નીચેનામાંથી કયા રસનો નવ રસોમાં સમાવેશ થતો નથી ?

(A) બિભત્સ
(B) લાવણ્ય
(C) અદ્દભુત
(D) રૌદ્ર

75. 'પલ્લી' નો મેળો ગુજરાતમાં ક્યાં ભરાય છે ?

(A) રૂપાલ
(B) વડનગર
(C) ખેડા
(D) માણસા

76. નવલકથાકાર ધ્રુવ ભટ્ટની 'તત્વમસિ' નવલકથા પર આધારિત ગુજરાતી ફિલ્મ કઈ છે ?

(A) ચાસણી
(B) ચાલ જીવી લઈએ
(C) રેવા
(D) ગોળ કેરી

77. મીનળદેવીએ બંધાવેલું મુનસર તળાવ ગુજરાતમાં ક્યાં આવેલું છે ?

(A) સાણંદ
(B) ધંધુકા
(C) વિરમગામ
(D) ધોળકા

78. ગુજરાતનું કયું શહેર 'સોરાષ્ટ્રનું પેરિસ' ના નામે ઓળખાય છે ?

(A) રાજકોટ
(B) મોરબી
(C) જામનગર
(D) પોરબંદર

79. મોઢેરાનું પ્રાચીન સૂર્યમંદિર કયા રાજાના સમયમાં બંધાયેલું છે ?

(A) રાજા ભીમદેવ
(B) રાજા કુમારપાળ
(C) રાજા ક્ષેત્રપાળ
(D) વનરાજ ચાવડા

80. 'ડાંગ ની દાદી' તરીકે કોણ જાણીતું છે ?

(A) મધુમતી રાઠવા
(B) શાન્તાબેન પારધી
(C) પૂર્ણિમાબહેન પકવાસા
(D) લક્ષ્મીબેન ગામીત

81. વ્યક્તિ મટી બનું હું વિશ્વ માનવી – કોની પંક્તિ છે ?

(A) ઝવેરચંદ મેઘાણી
(B) ઉમાશંકર જોશી
(C) સુંદરમ્
(D) કવિ ખબરદાર

82. ગૂજરાત વિદ્યાપીઠના પ્રથમ કુલપતિ કોણ હતા ?

(A) મહાત્મા ગાંધી
(B) નાનાલાલ ભટ્ટ
(C) સુંદરલાલ દેસાઈ
(D) ડૉ. ભીમસેન ચકોર

83. 'B' અને 'C' નો ભાઈ 'A' છે, 'C' ની મા 'D' છે અને 'A' ના પિતા 'E' છે, તો નીચેનામાંથી કયુ વિધાન સાચું છે ?

(A) 'E' નો પુત્ર 'B' છે
(B) 'B' નો પિતા 'E' છે
(C) 'D' નો પતિ 'E' છે
(D) 'D' નો પુત્ર 'A' છે

84. નીચેનામાંથી ત્રણ શબ્દોનો સાર્થક ક્રમ જણાવો ?

(A) વસંતઋતુ (B) સુગંધ (C) ફુલ

(A) A, B, C (B) B, C, D

(C) A, C, B (D) એકેય નહીં

85. એક લાકડીને છ વખત કાપતા તેના કેટલા ટુકડા થશે ?

(A) 6 (B) 7

(C) 8 (D) ત્રણેયમાંથી એકેય નહીં

86. જો PALE ની સંજ્ઞા 2134 હોય, EARTH ની સંજ્ઞા 41590 હોય તો આ સંજ્ઞામાં PEARL કઈ રીતે લખાય ?

(A) 29530 (B) 24153

(C) 25413 (D) 25430

87. એક ઝાડ પર 25 પક્ષીઓ બેઠાં છે, એક માણસે બંધૂક વડે એક કબૂતર મારી નાખ્યું. હવે ઝાડ પર કેટલા પક્ષીઓ બાકી રહ્યા ?

(A) 24 (B) 25

(C) 20 (D) એકેય નહીં

88. મોહન પ્રસ્થાન બિંદુથી ચાલવાની શરૂઆત કરે છે, તે 3 કિ.મી. પશ્ચિમ દિશામાં ચાલે છે. તે પછી તે પોતાની જમણી તરફ વળી પાછો 3 કિ.મી. ચાલે છે. તો તેનું મોં કઈ દિશામાં હશે ?

(A) પૂર્વ (B) પશ્ચિમ

(C) ઉત્તર (D) દક્ષિણ

89. આજ પછીના 3 દિવસ પછી બુધવાર હોય, તો આજથી 12 દિવસ પછી કયો વાર હશે ?

(A) રવિવાર (B) સોમવાર

(C) મંગળવાર (D) બુધવાર

90. નીચેનામાંથી કોણ બીજા બધાથી જુદું પડે છે ?

(A) શાહી (B) કલમ (C) ઓફિસ (D) પેન

91. ભારતમાં કઈ શાસન વ્યવસ્થા છે ?

(A) લોકશાહી (B) રાજાશાહી

(C) સરમુખત્યાર શાહી (D) કુલીનતંત્ર

92. રાજ્યસભાના સભ્યની મુદત કેટલા વર્ષની હોય છે ?

(A) 4 (B) 5 (C) 6 (D) 7

93. ભારતમાં પંચાયતી રાજની શરૂઆત કયા રાજ્યથી કરવામાં આવી છે ?

(A) ગુજરાત
(B) રાજસ્થાન
(C) દિલ્હી
(D) પંજાબ

94. ભારતના બંધારણ અનુસાર આર્થિક કટોકટી જાહેર કરવાની સત્તા કોની પાસે છે ?

(A) રાષ્ટ્રપતિ
(B) વડાપ્રધાન
(C) ભારતના મુખ્ય ન્યાયાધીશ
(D) દેશના નાણામંત્રી

95. સંપત્તિ અધિકાર કયા અધિકાર હેઠળ આવે છે ?

(A) મૂળ અધિકાર
(B) કાયદાકીય અધિકાર
(C) સાર્વજનિક અધિકાર
(D) ખાનગી અધિકાર

96. ભારતના બંધારણની શરૂઆત શેનાથી થાય છે ?

(A) રાષ્ટ્રપતિના સંદેશથી
(B) રાષ્ટ્રગીતથી
(C) આમુખથી
(D) સર્વધર્મ પ્રાર્થનાથી

97. ભારતીય બંધારણના આમુખનો વિચાર કયા દેશના બંધારણ પરથી પ્રેરિત છે ?

(A) અમેરિકા
(B) ફ્રાંસ
(C) જર્મની
(D) ઈગ્લેન્ડ

98. વહીવટી સુધારા પંચની નિમણૂંક ક્યારે કરવામાં આવી ?

(A) 1966
(B) 1975
(C) 1972
(D) 1980

99. ભારતીય બંધારણ મુજબ નીચેનામાંથી કયો અધિકાર મૂળભૂત અધિકાર નથી ?

(A) સમાનતાનો અધિકાર
(B) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર
(C) બંધારણીય ઈલાજોના અધિકાર
(D) માહિતીનો અધિકાર

100. ભારતના બંધારણ દ્વારા સ્વીકૃત 'સત્યમેવ જયતે' રાષ્ટ્રીય સૂત્ર નીચેના પૈકી કયા પ્રાચીન ગ્રંથમાંથી લેવામાં આવ્યું છે ?

(A) કઠોપનિષદ
(B) મૂંડકોપનિષદ
(C) ઋગ્વેદ
(D) સામવેદ

------ XXX ------